૭૮૬ વીનંતી પત્ર.

શ્રી ઇમામશા સુત નુરઅલી મમદશા બાવાના સતપંથ સમાજના માહાન આચારીઓ તથા માહાન મુજાવરો તથા મુસાફરો તથા માહાન મુખીઓ તથા સતપંથ સમાજ જે કચ્છ દેશમાં વસ્તા કચ્છી લેવા પાટીદારો જ્ઞાત સમસ્ત તથા જ્ઞાતિના આગેવાન નાતીલાવોની પવિત્ર શેવામાં. અરજદાર મોજે કરાચીમાં વસ્તા કચ્છી લેવા પાટીદારો સતપંથ સમાજની અરજ એ છે કે હાલના કળીકાળના સમયમાં આપણી જ્ઞાતિ પઇકીનાં કેટલાક માણસો આપણો અનાદીનો સતપથ ધરમ મુકી મુકરી ગયાછે ને ધરમ તથા અનાદીથી જ્ઞાતિના ચાલતા આવતારીત રીવાજોથી પણ વીમુખ થયેલા જણાયે છે તે ખુલી રીતે ધરમમાંથી મુકરીને એક યુવક મંડળ નામનું મંડળ થાપી આપણે પાળીએ છીએ તે ધરમ ઉપર કેટલીકવાર ખોટા અક્ષેપો કરાચીના તથા મુંબઇમાંના તથા વીશણીમાંના જે યુવક મંડલ થાપી બેઠા છે તેઓ કરે છે ને આપણા ધરમના વેદ વાચેકો શાસ્તરો તથા સતપંથની કીરીયા આચારો તથા મંત્રો તથા છંદો વીગેરેને ખોટા કહેછે તેમ આપણા પુજનીકો સયેદ બાવાઓ તથા મુજાવર કાકાઓ તથા આપણી જ્ઞાતિના મુખીયો તથા નાતીલાવો વગેરેને ખોટા કડી નીંદા કરેછે તેમ કરી આપણી જ્ઞાતિ પઇકીના કેટલાક લોકોને બલગલાવી સતપંથ ધરમ ઉપરથી આસ્તારહીત બનાવ્યા છે ને તે વીશે ખોટાં આરટીકલો તથા છાપા દુવારે ખોટી વગર પતાની વાતો છાપી છાપી આપણી જ્ઞાતિના કેટલાક અજ્ઞાની માણસોનાં મન ઉશકેરી ધરમ ઉપરથી ઉચીત બનાવી દીધાં છે. ને આ સબળ સત પંથ ધરમ ઉપર નબળ શતરૂઓ ચડી આવે છે તેનું મુખ કારણ એજ છે કે આપણે આપણા મહાન પતપંથ ધરમનાં વેદવચન કે જપતપ શ્રી સેસટગોર ઇમામશા બાવાના વેદ વચન આપણે આપણા ધંધાના અંગે જાણી સકતા નથી તેથીજ આ વખતની ઉતપન થતી નવી પ્રજાના મન ઉચીત થાય છે તેનું મુખ કારણ એ છે કે આપણા પુજનીકો જે આપણોરના વેંઉસના સયદો ઉપર આપણે અભાંવ રાખીયે છે તેજ છે એવું અમો અરજદારોને સંમત ૧૯૭૭ના કારતક વદી ૧૧ ને વાર રવીના રોજે અવાલખના સયેદ ગીરૂ બાવા ડોસુ બાવા પોતાના ખરચે હવા બદલ માટે કરાંચીમાં આવી પોતે અલગ જગોમાં આવી ઉતરયા હતા તેઓ સાહેબના કરાચીમાં આવ્યાના સમાચાર હમોને મલવાથી તેઓ સાહેબના દરશન અરથે હમો અનુકરમે તેમની પાસે જતા ને તેઓ સાહેબ માહાન સતપંથ ધરમના વેદવચન શાસ્ત્ર વાણી હમોને સમજાવતા તેઓ હમો સુણતાવોને સાચા શબદો સાંભળવાથી ઘણો આનંદ પ્રાપ્ત થતો તેમજ હમોમાં સતપંથ સમાજની મજલીસમાં તેઓ સાહેબના મુખવાણીથી માહાન વેદોના તેમજ પુરાણોના તેમજ મહાન ગીતાજીના તથા ભાગવત તથા રામાયણ તથા માહાભારત વીગેરે ગ્રંથોથી આપણે જે દસમો અવતાર નકલંકી અરગી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે તેને સાબીત સાચા ઠરાવી આપતા તેમજ ઉપર બતાવેલા શાસ્ત્ર અરથના એટલે સ્લોકા સુરતી સમરતી સાથે ચારે જુગના પરમાણે હોમ દાગ તેમજ ઘટપાટ ચોરી તેમજ કલમા કાડી વીગેરે ઉપર બતાવેલા વેદ વચનોથી તેમજ હીંદમાતાના માહાન પુત્રો જેઓ ભગતી પદને પામી પોતાના આતમાને અમર કરા છે તેઓના વખાણ વાણીથી સતપથ ધરમના કીરીયા, મંત્ર, જપ, તપ, ક્ષેત્ર, તીરથ, વરત, દાન, દાગ વગેરેને સાબીત કરી દેખાડતા ને તેઓના સત વચન સતપંથ સમાજની મજલીસમાં હમેશાં સતપંથી તેમજ સનાતની ધરમના મલી આશરે આઠસો હજાર માણસો મજલીશમાં ભાગ લેતા તે સરવે બાવા સાહેબ ગીરૂ બાવાના વચન વેદ અનુસાર સત અને સાચા છે તેમ કબુલ કરતા ને જેવો સતપથ ધરમના નબળ શતરૂવોને ખોટાં અને દુવેસી ઠરાવતાં ઉપર પ્રરમાણે એકદર દીવસ ૧૧ સુધી બાવાજી સાહેબે મજલસ ભરી મહાન વાકો સંભળાવા ને પોતે કેતા કે જો આ વચનો જેને ખોટાકે સંકાસીલ જણાતા હોય તો પરસ્ન કરી પુછો ને તેનો ખુલાસો વીશેસ વાકોથી કરવામાં આવશે એવું કેવા છતાં પણ કોય સતપથનો શતરૂ પઇકાનો કોઇ શતરૂ ઉભો થઇ પ્રસન કરી સકો નહીં તેથી હમો સતપંથીઓ પઇકીના ઘણાખરાના મન એ લોકોના ઉશકેરવ થી સતપથ ધરમના આચાર વીચાર ઉપરથી ઉઠી ગયા હતા તે પણ બાવાજી ગીરૂબાના મુખથી વેદ શાસતર પુરાણો વીગેરેના દરસ્ટાંત સીધાંતથી મન થીર થઇ ગયા ને માની લીધું કે સતપંથ ધરમ તથા ધરમના મુખે આચારીએ સાચાને સપત્ર છે એવું હમો સુરતાવોને નીસે થયું છે. ઉપર થયેલીઉ મજલીસો દરમીઆન બાવાજી ગીરૂ બાવા સાહેબે એક દરખાસ સતપંથ સમાજીઓ સમખશ રજુ કરી તે દરખાશ એવી છે કે કરાચીમા વસ્તા કચ્છી લેવા પાટીદારો જે સતપંથ પીરાણા ધરમ પાળે છે. પરંતુ કરાચીમાં વસ્તા સતપંથી ધરમી ભાઇયો માટે સતપંથી અનુઆઇઓની સંખાના પરમાણમાં ધરમની જગો જો કે શ્રી સેસટગોર ઇમામશા બાવાના જોતપાટ પધરાવાની જગો નથી તે માટે ભાઇઓ તમો સુખ[illegible]અ વતીથી અને દીરઘ દરસ્ટીથી વીચાર કરી એક સંપ થઇ જગા ખરીદી ધરમાઉ જગો બાંધી બાવાના જોત પાટ પધરાવવા જોઇએ તેમજ આપણા પુજનીકોને ઉતારો પણ ત્યાંજ થવો જોઇએ જેથી પાપી વરતીના લોકો આપણા પુજનીકોનું અપમાન કરે છે તે પણ કરી શકે નહીં. ઉપર પરમાણે બાવાજી સાહેબે દરખાસ ઘણાં દરસ્ટાંત સીધાંતથી સમજુત આપી કરી તે દરખાસ સતપંથ સમાજે મોટા ઉતેહાસથી ઉંચા હાથ કરી બાવા ઇમામશાના નામની જે બે લાવી વધાવી લીધી ને તેજ વખતે બખસીસ ખરડો બાવા ઇમામશાના નામનો શરૂ કરો જેમાં આશરે રૂ૦ ત્રણેક હજારની રકમ લખાઇ છે ને વલી પણ એ ખરડામાં વધારો થશે એવી આશા છે તેમજ સતપંથ સમાજની છેલી મજલીશમાં બાવા સાહેબે કરાચીમાં વસ્તા સતપંથ સમાજ સનમુખ બીજી દરખાશ દરમાસે અરધું રોજ જગો માટે બાવાના નામે ધરમાદા કીરસના અરપન આપવા કહ્યું તે પણ

૭૮૬ વીનંતી પત્ર.

શ્રી ઇમામશા સુત નુરઅલી મમદશા બાવાના સતપંથ સમાજના માહાન આચારીઓ તથા માહાન મુજાવરો તથા મુસાફરો તથા માહાન મુખીઓ તથા સતપંથ સમાજ જે કચ્છ દેશમાં વસ્તા કચ્છી લેવા પાટીદારો ગ્નાત સમસ્ત તથા ગ્નાતિના આગેવાન નાતીલાવોની પવિત્ર શેવામાં. અરજદાર મોજે કરાચીમાં વસ્તા કચ્છી લેવા પાટીદારો સતપંથ સમાજની અરજ એ છે કે હાલના કળીકાળના સમયમાં આપણી ગ્નાતિ પઇકીનાં કેટલાક માણુસો આપણો અનાદીનો સતપથ ધરમ મુકી મુકરી ગયાછે ને ધરમ તથા અનાદીથી ગ્નાતિના ચાલતા આવતારીત રીવાજોથી પણ વીમુખ થયેલા જણાયે છે તે ખુલી રીતે ધરમમાંથી મુકરીને એક યુવક મંડળ નામનું મંડળ થાપી આપણે પાળીએ છીએ તે ધરમ ઉપર કેટલીકવાર ખોટા અક્ષેપો કરાચીના તથા મુંબઇમાંના તથા વીશાણીમાંના જે યુવક મંડલ થાપી બેઠા છે તેઓ કરે છે ને આપણા ધરમના વેદ વાચેકો શાસ્તરો તથા સતપંથની કીરીયા આચારો તથા મંત્રો તથા છંદો વીગેરેને ખોટા કહેછે તેમ આપણા પુજનીકો સયેદ બાવાઓ તથા મુજાવર કાકાઓ તથા આપણી ગ્નાતિના મુખીયો તથા નાતીલાવો વગેરેને ખોટા કહી નીંદા કરેછે તેમ કરી આપણી ગ્નાતિ પઇકીના કેટલાક લોકોને બલગલાવી સતપંથ ધરમ ઉપરથી આસ્તાશ્રદ્ધીત બનાવ્યા છે ને તે વીશે ખોટાં આરટીકલો તથા છાપા દુવારે ખોટી વગર પતાની વાતો છાપી છાપી આપણી ગ્નાતિના કેટલાક અગ્નાની માણુસેનાં મન ઉશકેરી ધરમ ઉપરથી ઉચીત બનાવી દીધાં છે. ને આ સબળ સત પંથ ધરમ ઉપર નબળ શતરૂઓ ચડી આવે છે તેનું મુખ કારણ એજ છે કે આપણે આપણા મહાન પતપંથ ધરમનાં વેદવચન કે જપતપ શ્રી સેસટગોર ઇમામશા બાવાના વેદ વચન આપણે આપણા ધંધાના અંગે જાણી સકતા નથી તેથીજ આ વખતની ઉતપન થતી નવી પ્રજાના મન ઉચીત થાય છે તેનું મુખ કારણ એ છે કે આપણા પુજનીકો જે આપણોરના વૈંઉસના સયદો ઉપર આપણે અભંવ રાખીયે છે તેજ છે એવું અમો અરજદારોને સંમત ૧૯૭૭ના કારતક વદી ૧૧ ને વાર રવીના રોજે અવાલખના સયદ મીરૂ બાવા ડોસુ બાવા પોતાના ખરચે હવા બદલ માટે કરાંચીમાં આવી પોતે અલગ જગોમાં આવી ઉતરયા હતા તેઓ સાહેબના કરાચીમાં આવ્યાના સમાચાર હમોને મલવાથી તેઓ સાહેબના દરશન અરથે હમો અનુકરમે તેમની પાસે જતા ને તેઓ સાહેબ માહાન સતપંથ ધરમના વેદવચન શાસ્ત્ર વાણી હમોને સમજાવતા તેઓ હમો સુણતાવોને સાચા શબદો સાંભળવાથી ઘણો આનંદ પ્રાપ્ત થતો તેમજ હમેમાં સતપંથ સમાજની મજલીસમાં તેઓ સાહેબના મુખવાણીથી માહાન વેદોના તેમજ પુરાણોના તેમજ મહાન ગીતાજીના તથા ભાગવત તથા રામાયણ તથા માહાભારત વીગેર ગ્રંથોથી આ યુગે જે દસમો અવતાર નકલંકી અરગી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે તેને સાબીત સાચા ઠરાવી આપતા તેમજ ઉપર બતાવેલા શાસ્ત્રો અરથના એટલે સ્લોકો સુરતી સમરતી સાથે ચારે જુગના પરમાણે હોમ દાગ તેમજ ઘટપાટ ચોરી તેમજ કલમા કાડી વીગેરે ઉપર બતાવેલા વેદ વચનોથી તેમજ હીંદમાતાના માહાન પુત્રો જેઓ ભગતી પદને પામી પોતાના આતમાને અમર કરા છે તેઓના વખાણ વાણીથી સતપથ ધરમના કીરીયા, મંત્ર, જપ, તપ, ક્ષેત્ર, તીરથ, વરત, દાન, દાગ વગેરેને સાબીત કરી દેખાડતા ને તેઓના સત વચન સતપંથ સમાજની મજલીસમાં હમેશાં સતપંથી તેમજ સનાતની ધરમના મલી આશરે આઠસો હજાર માણુસો મજલીશમાં ભાગ લેતા તે સરવે બાવા સાહેબ મીરૂ બાવાના વચન વેદ અનુસાર સત અને સાચા છે તેમ કબુલ કરતા ને જેવો સતપથ ધરમના નબળા શતરૂવોને ખોટાં અને દુવેસી ઠરાવતાં ઉપર પ્રરમાણે એકદર દીવસ ૧૧ સુધી બાવાજી સાહેબે મજલસ ભરી મહાન વાકો સંભળાવા ને પોતે કેતા કે જો આ વચનો જેને ખોટા કે સંકાસીલ જણાતા હોય તો પરસ્ન કરી પુછો ને તેનો ખુલાસો વીશેસ વાકોથી કરવામાં આવશે એવું કેવા છતાં પણ કોય સતપથનો શતરૂ પઇકાનો કોઇ શતરૂ ઉભો થઇ પ્રસન કરી સકો નહીં તેથી હમો સતપંથીઓ પઇકીના ઘણાખરાના મન એ લોકોના ઉશકેરવાથી સતપથ ધરમના આચાર વીચાર ઉપરથી ઉઠી ગયા હતા તે પણ બાવાજી મીરૂબાના મુખથી વેદ શાસતર પુરાણો વીગેરેના દરસ્ટાંત સીધાંતથી મન થીર થઇ ગયા ને માની લીધું કે સતપંથ ધરમ તથા ધરમના મુખે આચારીએ સાચાને સપત્ર છે એવું હમો સુરતાવોને નીસે થયું છે. ઉપર થયેલીઉ મજલીસો દરમીઆન બાવાજી મીરૂ બાવા સાહેબે એક દરખાસ સતપંથ સમાજીઓ સમખશ રજુ કરી તે દરખાશ એવી છે કે કરાચીમા વસ્તા કચ્છી લેવા પાટીદારો જે સતપંથ પીરાણા ધરમ પાળે છે. પરંતુ કરાચીમાં વસ્તા સતપંથી ધરમી ભાઇયો માટે સતપંથી અનુઆઇઓની સંખાના પરમાણુમાં ધરમની જગો જો કે શ્રી સેસટગોર ઇમામશા બાવાના જોતપાટ પધરાવાની જગો નથી તે માટે આઇઓ તમો સુખ્શીઅ વત્તીથી અને દીરઘ દરસ્ટીથી વીચાર કરી એક સંપ થઇ જગા ખરીદી ધરમાઉ જગો બાંધી બાવાના જોત પાટ પધરાવવા જોઇએ તેમજ આપણા પુજનીકોને ઉતારો પણ ત્યાંજ થવો જોઇએ જેથી પાપી વરતીના લોકો આપણા પુજનીકોનું અપમાન કરે છે તે પણ કરી શકે નહીં. ઉપર પરમાણે બાવાજી સાહેબે દરખાસ ઘણાં દરસ્ટાંત સીધાંતથી સમજુત આપી કરી તે દરખાસ સતપંથ સમાજે મોટા ઉતેહાસથી ઉંચા હાથ કરી બાવા ઇમામશાના નામની જે બેલાવી વધાવી લીધી ને તેજ વખતે બખસીસ ખરડો બાવા ઇમામશાના નામનો શરૂ કરો જેમાં આશરે રૂ૦ ત્રણેક હજારની રકમ લખાઇ છે ને વળી પણ એ ખરડામાં વધારો થશે એવી આશા છે તેમજ સતપંથ સમાજની છેલી મજલીશમાં બાવા સાહેબે કરાચીમાં વસ્તા સતપંથ સમાજ સનમુખ બીજી દરખાશ દરમાસે અરધું રોજ જગો માટે બાવાના નામે ધરમાદા કીરસના અરપન આપવા કહયું તે પણ

VSAK: 05-Dec-1920

1921-01-14 -Karachi -Pamphlet Pro Satpanth and its reply Anti-Satpanth (773)

સતપંથ સમાજીયોએ બાવા ઇમામશાના નામની જે બોલાવી ઉંચા હાથ કરી વધાવી લીધી ને તે દરખાસ પસાર થઇ છે ને તેમ કરવાને સમાજે કબુલત આપી છે. ઉંપર લખી વગેરે બાવા સાહેબ મીરૂ બાવાના સતસંગ સમાગમ થવાથી થયું ને ઘણાખરા સમાજીઓ ઉસકેરાયેલાવોના મનને સંતોશ પામે નેથીર થઇ સતપંથ તો સાચો છે એમ માનું માટે ઉપર બતાવેલા હમારા મહાત પુજનીકો તથા મુજાવરો તથા કાકાવો તથા સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ તેમજ જ્ઞાતિના આગેવાનો નાતીલા વીગેરે સાહેબોની પવીત્ર સેવામાં અમો કરાચીમાં વસ્તા કચ્છી લેવા પાટીદારો જેવો સતપંથ સમાજી છે તેવો સરવે અરજ ગુજારીએ છીએ કે આપણા સેસ્ટગોરની આલમાં જે પાકા સાદાતો જેમકે મીરૂ બાવા જેવા વકતા ગીનાન, વેદ, પુરાણ, કુરાન, કીતાબ, વીગેરે બાબતોથી સભામાં ઉભા થઇ હીમત સાથે ગીનાન ધીયાંનની વરસ્ટી કરી સતપંથ સમાજને સમજુત આપશે તોજ ધરમમાં ધીંગાણા થતાં બધ થશે માટે આપ મહેરબાનો આ અરજ ધીયાનમાં લઇ સારા વીધવાન માણસો હોય તેવો સાહેબોને સમાજ બોલાવે ને મહાન પુજનીકો પણ સંપસલા જાળવવા ખાતર દ્વેશ નહીં ધરાવતાં સંતોસ રાખી આપનામાં કોઇ ચાર સુરતી જમાતમાં જઈ સંતોશ ઉપજાવે તેવા તમારા ભાઇઓ પઇકીના પસત કરી ફરવા મોકલશો તોજ તમારા ધરમની તેમ તમારા ધરમના પાળનારાવોની સરધા ઠામ રહેશે ને ધરમમાં પણ વરધી થશે જો તેમ નહીં થાયે તો આ સમેમાં ઘણા લોકો નીંદા કરનારાના પંજામાં વગર ખબરે ફસાતા જશે એજ અરજ.

કરાચી સતપંથ સમાજીઓ તરફથી

મુખી દેવશી હરભમ કચ્છ ખીરસરા હાલ કરાચી.	પટેલ વિરજી પંચાણ કચ્છ નખત્રાણા હાલ કરાચી.
પટેલ કચરા કાનજી કચ્છ ઘડાણી ,,	ટેલ કાનજી પંચાણ કચ્છ ઉખેડા ,,

પ્રિય જ્ઞાતિ બંધુઓ,

પિરાણા સતપંથી સૈયદોને માનનારા કરાચીવાલા ભાઇઓએ ઉપરનો વિનંતી પત્ર છપાવેલ છે તે આપણા સનાતની ધર્મથી તેમજ આપણી જ્ઞાતિના રીત રીવાજોથી તદન ઉલટું છે. આપણો ખરો ધર્મ સનાતની છે તે આપણે સર્વે જાણીએ છીએ છતાં સૈયદોને માનનારા આપણા અજ્ઞાન ભાઇઓએ પોતાનો કકો સાચો માનીને તે ચાર પટેલીઆઓએ હમણા ઉપરનો પત્ર છપાવીને બહાર પાડયો છે તેનો જવાબ અમો શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ તરફથી છપાવી આ પત્ર સાથે બહાર પાડયો છે તે વાંચવા ખાસ વિજ્ઞપ્તી છે.

1921-01-14 -Karachi -Pamphlet Pro Satpanth and its reply Anti-Satpanth (773)

ॐ

શ્રી કરાચીવાસી પીરાણા સતપંથી લેવાપાટીદાર મુખી દેવસી હરભમ તથા વીરજી પચાણ નખત્રાણાવાલા તથા કચરા કાનજી ઘડાણીવાલા તથા કાનજી પચાણ ઉખેડાવાલા વીગેરેને વીદીત હજો.

અમો કરાચીના યુવક મંડલ તરફથી તમો ચાર ભાઇઓ વીગેરેને જાહેર કરીએ છીએ કે તમારો છપાવેલ કાગળ (વિનંતી પત્ર) અમારા વાંચવામાં આવ્યો તેનો જવાબ આપવાની અમારે કાંઇ જરૂર નહોતી પરંતુ યુવક મંડલને વાંચીને બેસી રહેવાથી અને તમારા અસત્ય લેખોના કોઇ વખતે ગેરઅર્થ થાય તેટલાજ કારણથી જવાબ આપવો જરૂરનો ધારી આ જવાબ આપ્યો છે.

જો કે તમારો પત્ર છપાવવાથી તમારે એમતો જરૂર કબુલ કરવું પડશેજ કે અમો મુસલમાની ધર્મ પાળીએ છીએ અને સયદોને પુજનીક તરીકે માની અને કદમાંએ પડીએ છીએ તો તમરે અવશ્ય મુમના કણબી લખવુંજ હતું કારણ કે જે તમારા માફક પીરાણાના સયદોને પુજનીક તરીકે માને છે તે ખાસ મુમના મતીઆ વીગેરે કહેવાય છે તો તે તમોએ પોતાનો અસલ લકબ મુકીને લેવા પાટીદાર લખો છો તે તમારૂં લખવું બીલકુલ બીનપાયાદાર છે કારણ કે તમોને મુમના મતીઆ લખતાં શરમ થાય છે એમ અમોને તો પકી ખત્રી છે કે તે ઉપરોક્ત નામથી તમો કદી પણ શરમાઓ નહીં કારણ કે જો શરમ થાતી હોય તો તમારા છપાવેલ પત્રને મથાળે જે ૭૮૬ (બીસમીલા હરરહેમાનનરરહીમ) નો આંક લખેલો છે તે લખતેજ નહીં તેમ વળી અમારા પુજનીક સયદો છે એમ કબુલ કરતેજ નહીં અરે ભાઇઓ અમોને તો લખતાં દીલગીરી થય છે પણ સત્યતાને ખાતર લખવું પડે છે કે તમો પોતાનો મતલબ (હુરાઓ વરવાનો) સાધવાને ખાતર બીચારા નીરદોષ અન્ય ભાઇઓને કાં ફસાવો છો તમો એતો નીશ્ચય માનજો કે આખા કચ્છ દેશમાં વરતા આપણા પાટીદાર ભાઇ (પીરાણા પંથી) ઓ કોઇ વખતે પણ મુમના મતીઆ વીગેરે છીએ એમતો કબુલ નહીંજ કરે (તમારી માફક ભર સભાની વચમાં મુમના છીએ તેમ) અને સયદોની બતાવેલી લાલચ (હુરાઓ વરવાની) નહી લે તેથી ભાઇઓ નાહક પોતાનાં લુગડાં ઉંચા કરવા રહેવા દયો (તમારી બાવાજીની બતાવેલી રાંડો (હુરાઓ) તમોને મુબારક હો)

વળી તમો તમારા પત્રની શરૂઆતની પેલી લાઇનમાં લખો છો કે સતપંથ સમાજના મહાન આચારીઓ તથા મહાન મુન્જવરો તથા મુસાફરો વીગેરે.

તો તેમાં પણ તમોએ કાંઈ પણ ખુલાસો નહી કરતાં "મહાન આચારીઓ" લખ્યું છે તે પણ બીલકુલ ખોટું છે કારણ કે દરેક સંપ્રદાય (પંથ) માં એકજ આચાર્ય હોય છે તો શું તમારા ઘર કુંડા સતપંથમાં (પીરાણા પંથમાં) અનેક આચારીઓ છે કે જેનો કાંઇ પારજ નહી કે જેટલા સયદો તેટલા આચાર્ય ? [illegible]

તેમ વળી તમો તમારા છપાવેલ કાગળની ચોથી લાઇનમેં લખો છો કે આપણો અનાદીનો સતપંથ ધરમ મુકીને મુકરી ગયા છે. તો તેમ આપે કેમ જાણ્યું કે આપણો અનાદીનો આ પીરાણા સતપંથ ધરમ છે પીરાણા ધર્મનો ચલાવનાર પીર ઇમામશાહ તો સંવત ૧૪૪૯ માંજ આવેલ હતા (ઇતીહાસ મુજબ) અને આપણી પાટીદાર જ્ઞાતિતો તેથી આગળની છે તો તમોએ કેમ માન્યું કે આપણો અનાદીનો (પીરાણા) સતપંથ છે.

Year: 1392-93

ને વળી પણ આગળ લખોછો કે આપણા ધર્મના વેદ વાયકો શાસ્ત્રો તથા સતપંથની ક્રીયા આચારો તથા મંત્રો તથા શબ્દો વીગેરેને ખોટાં કહી નીંદા કરે છે. તો ભાઇઓ આ લખવું તમારૂં તદન ખોટું છે કારણ કે તમારા માનેલા પીરાણા સતપંથમા કયુ પુસ્તક વેદ વાકયનું છે તેમ તમો પીરાણાના કયા શાસ્ત્રના કયા વાક્યને મંત્ર તરીકે માનો છો અને તે મંત્ર સનાતની કયા વેદના કયા પાનામાં લખેલ છે તે જણાવવાની કૃપા કરશો.

અને તેથી પણ આગળ તમારી કલમ ચલાવો છો કે સંવત ૧૯૭૭ના કારતક વીદ ૧૧ ને વાર રવીના રોજે અતાખલના સયદ મીરૂબાવા ડોસુબાવા પોતાના ખરચે હવા બદલ માટે કરાચીમાં આવી પોતે અલગ જગોમાં ઉતરા હતા—'મુળોનાસ્તિ કુતોશાખા" એ વાકય અનુંસારે તમો તમરૂં છેક ભાન ભુલીને લખે છો કે શાં. ૧૯૭૭ના કારતક વીદ ૧૧ ને રવીવારના રોજે સયદ મીરૂબાવો પોતાના ખરચે હવા બદલ માટે કરાચીમાં પોતે અલગ જગામાં ઉતરા હતા.

VSAK: 05-Dec-1920

તો ભાઇઓ આવું છેક હડહડતું જુઠાણું કે મજકુર સયદ આવ્યો તેવારે તમો વરઘોડો લઇને તમે સ્ટેશન ઉપર લેવા ગયા હતા અને ત્રણ દીવસ હેરાન થઇને લાકડાં લુગડાં માગીને ભંગીના પાડામાં છાપરૂ બાંધ્યું હતું તે કોના શારૂ તેમ તમો કારતક વદ ૧૧ ને રવીવાર લખોછો તે પણ ખોટું છે કારણ કે સયદ મીરૂ કારતક વીદ ૮ ને શુકરવારે કરાંચીમાંથી તમારી આંખોમાં ધુળ નાખી છયોક તમોને મુમના મુસલમાન કબુલ કરાવીને પલાયન (ફરી) ભાગી ગયો હતો તો પછી તમારી લખેલી કારતક વીદ ૧૧ કયાંથી અવી તે જણાવશો ભાઇઓ જેને તારીખનું પણ ભાન નથી તે બીજું ખરૂં ખોટું કેટલું જાણી શકે તે વીચારવાનું અમો વાંચક વર્ગને સોંપીએ છીએ.

VSAK: 05-Dec-1920

VSAK: 05-Dec-1920

વળી તમો તમારા પત્રની વીસમી લાઇનમાં લખાછો કે તેઓ સાહેબના મુખવાણીથી મહાન વેદોના તેમજ પુરાણોના તેમજ મહાન ગીતાજીના તથા ભાગવત તથા રામાયણ તથા મહાભારત વીગેરે ગ્રંથોથી આપણે જે દસમો અવતાર અરબી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે તે સાબીત સાચો ઠેરાવી આપતા

તો ભાઇઓ હવે જણાવવાની મહેરબાની કરશો કે તમો ચારે ભાઇઓમાંથી કયે ભાઇએ અરબી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે કે જેથી તમો લખોછો કે "આપણે જે અરબી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે" વહારે ચતુર શીરોમણી ભાઇઓ ધન્ય છે તમારી ચતુરાઇને કે પીરાણા સતપંથના આચાર્ય તો શું પણ ભગવાન પણ તમો પોતેજ બન્યા છો તો બતાવવાની મહેરબાની કરશો કે તમો અવતારી ભગવાનોની કઇ રીતે પુજા કરવી જોઇએ) શું કરાચીના અને કચ્છના જ્ઞાતિ ભાઇઓ અને જનસમાજને ખબર નથી કે તમો ચારે વીર અગેવાનો કેવા વીદ્વાનો છે કે જે મહાન પુરાણ ગીતાજી ભાગવત રામાયણ મહાભારત

1921-01-14 -Karachi -Pamphlet Pro Satpanth and its reply Anti-Satpanth (773)

આદી શાસ્ત્રોના પ્રમાણુથી સયદ પીરૂ [illegible] કરે તે સત્ય કે ખેડું છે તે જાણી શકો તમો કાળો અક્ષરને કુટીમારી પોતાની આંખો બંધ કરી **"બાવો કહે તે સત"** ના માનનારા તેણે વળી વેદ શાસ્ત્રો કયાંથી જોયા હોય! અને કદી તમોએ જોએલાં હોયતો બતાવવાની મહેરબાની કરશો કે ઉપરોક્ત ક્યા ગ્રંથના કયા પાનામાં તમારૂ મ[illegible]નું અરબી રૂપે (દશમો અવતાર) લખેલું છે તે જણાવશો. વલી તમો લખોછો કે સત[illegible] સમાજની મીજલસમાં હમેશા સતપંથી તેમજ સનાતન ધર્મના મલી આશરે આઠસો હજાર માણુસો મીજલસમાં ભાગ લેતા [illegible] બાવા સાહેબ પીરૂ બાવાના વચન વેદ અનુસાર સત અને સાચા છે તે કબુલ કરતા.

તો હવે જણાવવાની કૃપા કરશો કે તમારી ઘર ફૂકડી મીજલસમાં આઠસો હજાર તો શુ પણ એકાદ સનાતની આવ્યો હોય અને તેણે તમારૂ લખેલુ અરબીરૂપ કે જે ઉપરોક્ત શાસ્ત્ર (વેદ પુરાણ, ગીતાજી, શ્રીમદ ભાગવત, રામાયણ માહાભારત)માંથી કબુલ કરયુ હોય તો તેઓનુ નામ ઠામ ગામ ને તારીખ લખી જણાવશો.

અમોને પુરી ખાતરી છે કે આઠસો હજાર તો શુ પણ એકાદ વ્યકિત જેને સનાતન ધર્મ શાસ્ત્રનું જ્ઞાન હશે અને પોતાની જ્ઞાતિનુ અભિમાન હશે તે કદી પણ તમારો લખેલો અને તમારા બાવાનો કહેલ આપણે અરબી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે તે કબુલ કરશેજ નહી અને કદાચ કરશે તો ફકત તમારા જેવા અંધ શ્રદ્ધાળુ અને કાળા અક્ષરને કુટી મારનારજ હશે.

આગળ જતાં તમો વલી લખોછો કે પીરાણા સતપંથ ધર્મ તથા ધર્મના મુખ્ય આચારીઓ સાચા અને સુપાત્ર છે એવુ હમો મૂરતાઓ (સુરતાઓ) ને નિશ્ચય થયું છે બંધુઓ! આ લખવુ તમારૂ સત્ય છે? અને કચ્છના આપણી જ્ઞાતિના આગેવાનો અને જ્ઞાતિ ભાઇઓ શું મુરખ છે? કે જેણે આપણી જ્ઞાતિમાં તમારા માનેલા આચારીઓ (સઇયદો)ને આવતા બંધ કરેલા છે તો પછી તમે એકલાજ આખી જ્ઞાતિની પાસે તે યવનોને આવવાની રજા લ્યો છો અને આખી જ્ઞાતિને તમારી મફક યવન પુજક બનાવોછો તેમ ન કરતા તમો એકલાજ (ચાર જણાઓ) યવનના સેવક થઇ જાઓ તો શું.

વલી તમો લખો છો કે આપણા પુજનીકોને ઉતારો પણ ત્યાંજ થવો જોઇએ જેથી પાપ વરતીના લોકો આપણા પુજનીકોનુ અપમાન કરેછે તે પણ કરશે નહી.

અરે મુરખ ભાઇઓ! (ચાર જણાઓ) અમોને ઘડી ઘડી કહેવુ પડે છે કે આટલી બે હદ સુધીની પોતાની મુરખાઈ શુ ઉડાવી રહ્યાછો કે "પાપ વરતીના લોકો" ભાઇઓ! શુ પીરાણા પંથના સઇયદોને નહી માનનારા બધા પાપ વરતીના છે? ને તમો એકલાજ આંખો બંધ કરીને પાટીદાર જ્ઞાતિને ન છાજતાં એવા હલકા રીવાજોને વળગીને યવન કોમના કહેવા ઉપર નુર નામા બાજનામા અને કલમાઓ વીગેરે પડોછો તેથી આખી દુનીયાની અંદર તમો ચાર ભાઇઓ ધર્મચાર્યો છો તેની અમોને પુરતી ખબરછે પણ તમો ભાઇઓ તમારા પોતાના કરતવ્ય સંભારીને વીચાર કરી લેશો અમો આપ ધર્માચાર્યોને વધારે લખતા નથી

વલી આગળ પણ તમારી જાળ પાથરવી ભુલતા નથી કે મહાન પુજનીકો તથા મુજાવરો તથા કાકાઓ તથા સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ તેમજ જ્ઞાતિના આગેવાન નાતીલા વીગેરે સાહેબોની પવીત્ર સેવામાં અમો કરાચીમાં વસ્તા કચ્છી લેવા પાટીદારો અરજ ગુજારીએ છીએ કે આપણા [illegible] તેમને [illegible] [illegible] ધન્ય છે [illegible] તો [illegible] પણ તેથી [illegible]તોષ નહી કરતાં વળી હજી પણ આગળ વધી આખી કચ્છી આપણી જ્ઞાતિને વટાડવાના સારા દાવ પેચ રચોછો કે જેણે એક મત થઇ પીરાણાના સઇયદોને કે જેણે આપણને ભોળવીને મુસલમાન બનાવવાની પાયરીએ લઇ જવા માંડયા હતા તેને આખી જ્ઞાતિના નાના મોટા સમસ્ત બંધુઓ મળીને તેને એકદમ આપણી જ્ઞાતિમાં આવતા બધ કરેલા છે તેને તમો કરાચીમાં તેડાવ્યા અને કલમો પડ્યા તેથી પણ તમારૂ પેટ નહી ભરાણું ને વલી કચ્છમાં જ્ઞાતિ ભાઇઓને વટાડવાની કોશીશ કરીછે તેથા આખી જ્ઞાતિના ભાઇઓ તમો ચાર જણાઓના કહેવા મુજબ તેને તેડાવશે નહી તે અમોને પુરી ખાત્રીછે તેડાવવાનુ બાકી રહ્યું પણ તમો સઇયદને તેડાવોછો અને જમાડોછો તેનો જવાબ [illegible] જરૂર લશે. અસ્તુ.

લી० શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ,
રણછોડ લાઇન, દેસલ બજાર,—કરાચી.

કરાચી, તા० ૧૪-૧-૧૯૨૧.

પ્રવાસી પ્રેસમાં દા. હીરજી ગોવિંદજીએ છાપ્યું કરાચી.